## જો મારું બાળક સ્કૂલમાંથી ગાપચી (ટ્રૂઅન્ટ) મારતુ હોય તો મારે શું કરવું જોઈએ?

**જો તમારું બાળક ગાપચી મારતુ હોય તો તમારે:**

શા માટે તેમ કરે છે તે માટે તેઓની સાથે વાતચીત કરો.
સ્કૂલના સ્ટાફના સભ્યને મળી પરિસ્થિતિની ચર્ચા કરવી જોઈએ. અને ઉકેલ કાઢવાની તપાસ કરો.
સલાહ અને માર્ગદર્શન માટે સ્કૂલનો સંપર્ક કરી તમારા બાળક માટે શું થઈ રહયુ છે તે સમજવાનો પ્રયત્ન કરી અને સમસ્યાનો ઉકેલ કાઢવા તેને મદદરૂપ બનો.

**તેઓની ભાવિ સફળતા માટે શિક્ષણ અગત્યનું હોવાથી, તે આવશ્યકરીતે મહત્વનું રહે છે.**

## શા માટે મને આ પત્રિકા મોકલવામાં આવી રહી છે?

**આ પત્રિકા દરેક માબાપ/ કેરરને મોકલવામાં આવે છે જેથી કરીને તેઓના બાળક સમયસર અને નિયમિતરીતે હાજર રહી સર્વશ્રેષ્ઠ સિધ્ધ કરે તેની જરૂરિયાત વિષે દરેક જાગૃત રહે. માબાપો અને કેરર્સ તેઓની જવાબદારીઓ અને સ્કૂલમાંથી કોઈ પણ બિનસત્તાવાર (અનઓથોરાઈઝ) ગેરહાજરીના પરિણામ સમજે તે મહત્વનું છે.**

## જો મારું બાળક સ્કૂલમાંથી દૂર રહે તો મારે શું કરવું જોઈએ?

શકય હોય તેટલી જલદીથી ગેરહાજરીના પ્રથમ દિવસની સવારે કારણ દર્શાવી સ્કૂલને ફોન કરો. રજાઓ દરમિયાન અથવા સ્કૂલ સમય પછી ડેન્ટિસ્ટ અને ડોકટરની નિત્યક્રમની એપોઈન્ટમેન્ટ કરો. જો સ્કૂલના સમય દરમિયાન, તમારે ઓપોઈન્ટમેન્ટ કરવીજ પડે તેમ હોય તો સ્કૂલમાં તમારા બાળકને દિવસના મોટાભાગના સમયે રાખવામાં મદદ કરી અને તમારી એપોઈન્ટમેન્ટ વિષે સ્કૂલને જણાવો. જો તમારું બાળક બીમારી અથવા ડેન્ટલ / મેડિકલ એપોઈન્ટમેન્ટસને લઈને નિયમિત ગેરહાજર રહેશે તો, તમને મેડિકલ સર્ટિફિકેટ અથવા એપોઈન્ટમેન્ટ કાર્ડની વિનંતી કરવામાં આવી શકે.

## જો મારું બાળક નિયમિત હાજરી આપતુ ન હોય તો શું મને મદદ મળી શકે?

હા, જો તમારા બાળકની હાજરી માટે તમને મદદની જરૂર જણાય તો, તમારા બાળકની સ્કૂલ તમને સલાહ – સૂચન અને સપોર્ટ આપશે. જો તમને તમારા બાળકની હાજરી સુરક્ષિત કરવા વિષે કોઈ ફિકર- ચિંતા થતી હોય તો, તમે વહેલામાં વહેલી તકે સ્કૂલ સાથે વાતચીત કરો તે ખુબજ અગત્યનું છે.

**વધારે માહિતી માટે, કૃપા કરી તમારા બાળકની સ્કૂલનો સંપર્ક કરો.**

**અથવા, જો તમને વધારે પૂછપરછ – તપાસ કરવી હોય તો, સંપર્ક કરો:**

courtattendanceofficer@harrow.gov.uk

Gujarati

# સ્કૂલની
# હાજરી
# અને એડયુકેશન (શિક્ષણ)
# પેનલ્ટિ કે દંડની નોટિસો

# માબાપો (પેરન્ટસ)
# અને કેરર્સને શું
# જાણવાની જરૂર રહે છે

Harrow COUNCIL
LONDON

## શા માટે દરરોજ હાજર રહેવાનું હોય છે?

સ્કૂલમાં સારી કે સંતોષકારક હાજરી તમારા બાળકને સફળતાની તક આપી અને જીવનની કુશળતાઓ વિકસાવવામાં મદદ કરે છે. તમારા બાળકે દરરોજ સ્કૂલમાં હાજર રહેવું જોઈએ સિવાયકે બીમારી જેવા અનિવાર્ય કારણ હોય.

સ્કૂલ ગુમાવવાથી બાળકના શિક્ષણ અને તેના ગ્રેડને નુકસાન થાય છે. અમે જાણીએ છીએ કે 10 યુવાનોમાંથી જેઓ સ્કૂલ 17 **અથવા વધારે દિવસો માટે** ગુમાવે છે તેમાંથી 6 ને સારા GCSE ગ્રેડસ મળતા નથી. આમ છતાં પણ, 10 માંથી 9 કરતાં પણ વધારે જેઓ 8 કરતાં ઓછા દિવસો ગુમાવે છે તેઓને સારા GCSE ગ્રેડ મળે છે. **નિયમિતરીતે સ્કૂલ ગુમાવવાથી**, તમારા બાળકને જીવનમાં મળતી તકને કદાચ અસર થઈ શકે, જેમકે યુનિવર્સિટિમાં જવાની ક્ષમતા અથવા તેઓની પસંદગીની લાયકાત (કવોલિફિકેશન) માટે સ્વીકારવામાં આવી શકે.

શોપીંગ – ખરીદી, જન્મદિન અથવા રિપેરવાળી વ્યક્તિની રાહ જોવાના કારણો માટે બાળકોએ કદી પણ સ્કૂલ ગુમાવી જોઈએ નહિ.

તમારું બાળક દરરોજ અને સમયસર સ્કૂલમાં હાજર રહે તેની ખાતરી કરવાની તમારી કાનૂની ફરજ બને છે.

સ્કૂલના સત્ર (ટર્મ) સમયમાં તમારા બાળકને રજાઓ ઉપર લઈ જવાથી કદાચ તેમની સિધ્ધિઓ ઉપર અસર થાય છે. વર્ષમાં 38 અઠવાડિયાઓ સુધી સ્કૂલ ખુલ્લી રહે છે, અને કુટુંબ – પરિવાર 14 અઠવાડિયાઓ સુધી રજાઓ લઈ શકે. અપવાદરૂપ સંજોગોમાં ફકત હેડટીચર આવી ગેરહાજરીને અધિકૃત કરી શકે.

## પરિણામો – (કોન્સિકવન્સિસ)

જો તમારું બાળક બિન- સત્તાવાર રજાઓ લે અથવા હેડટીચર દ્વારા નકકી કર્યા કરતાં વધારે સમય રજાઓ ઉપર રહે તો, આવી રજાઓને બિન સત્તાવાર તરીકે રેકર્ડ કરવામાં આવશે. કદાચ સજા - સેંકશન લાદવામાં આવી શકે કે જેમાં સમાવેશ થાયઃ

તમારું બાળક કદાચ તેની સ્કૂલમાં જગ્યા ગુમાવી શકે.
તમને કદાચ દંડની સજા થઈ શકે.

તમે કદાચ સત્તાવાળાઓ તરફથી કાનૂની કાર્યવાહીને અધીન હોય કે જેમાં £2,500 સુધીનો દંડ થઈ શકે.

જો તમારું બાળક બિન સત્તાવાર ગેરહાજર રહે, જેમકે સત્ર સમય દરમિયાન રજાઓ ઉપર જાય, વારંવાર મોડુ આવે અથવા પ્રમાણિત બીમારી કે માંદગી કરતાં બીજા કોઈ કારણો માટે સતત ગેરહાજર રહે તો, પેનલ્ટિ (સજા- દંડ) નોટિસ અને /અથવા મેજિસ્ટ્રેટ કોર્ટ કે અદાલતમાં કાનૂની કાર્યવાહીની વિચારણા કરવા સ્કૂલ આવી બાબતને લંડન બરો ઓફ હેરોને (London Borough of Harrow) વિચારણા માટે ઉલ્લેખ કરી શકે, જે કોઈ ફોજદારી રેકર્ડ તરફ દોરી જઈ અધિકતમ £2,500 ના દંડ અને/ અથવા 3 મહિનાની કેદની સજા થઈ શકે.

**તમારા બાળકને મળી રહેતી તક – અવકાશને અધિકતમ કરવા નિયમિત અને સમયસરની હાજરી એમ આ બન્ને કોઈ એક કાનૂની આવશ્યકતા અને મહત્વપૂર્ણ રહે છે.**

## શા માટે પેનલ્ટિ (દંડ) નોટિસ (Penalty Notices) આપવામાં આવે છે?

જો બાળક સ્કૂલમાં નિયમિત હાજરી ન આપે, અને સ્કૂલ દ્વારા આવી ગેરહાજરી માન્ય કરવામાં આવે નહિ (બિન સત્તાવાર) તો માબાપો/કેરર્સ કોઈ એક ગુનો કરે છે. અમુક કિસ્સાઓમાં, આવી બિન સત્તાવાર ગેરહાજરી કદાચ 1996 ના એડયુકેશન ધારાની કલમ (સેકશન) 444 હેઠળ પરિણામી શકે. કાનૂની કાર્યવાહીના વિકલ્પમાં 2003 ના એન્ટિ સોશ્યલ બિહેવ્યર એકટ કે ધારા – નિયમે પેનલ્ટિ નોટિસનો પ્રારંભ કર્યો છે. જો આખરી તારીખની અંદર ચૂકવવામાં આવે તો પેનલ્ટિ નોટિસ અદાલતમાં કોઈ હાજર રહેવાની આવશ્યકતા રાખતુ નથી, પણ તેમ છતાં પણ, હાજરીમાં સુધારો કરવાનો લક્ષ્ય રાખે છે.

## પેનલ્ટિ નોટિસ કેટલી હોઈ શકે?

જો 21 દિવસોની અંદર ચૂકવણી કરવામાં આવે તો, £60.
જો 21 દિવસો પછી પણ 28 દિવસોની અંદર તેને ચૂકવવામાં આવે તો £120 હોય છે.

## તેનો ઉપયોગ કયારે કરી શકાય?

જયારે 'બિન સત્તાવાર' ગેરહાજરીને રેકર્ડ કરવામાં આવે ત્યારેજ પેનલ્ટિ નોટિસનો ઉપયોગ કરી શકાય.

## જો મને પેનલ્ટિ નોટિસ મળે અને હું નાણા ચૂકવુ નહિ તો શું થશે?

તમને તે મળતા તમારી પાસે પેનલ્ટિ નોટિસની પૂરેપૂરી ચૂકવણી કરવા 28 દિવસનો સમય હોય છે. જો આ સમય દરમિયાન પૂરેપૂરી ચૂકવણી ન મળે તો, આવા એકટ – નિયમ હેઠળ સ્થાનિક સત્તાવાળાઓને તમારા બાળકની બિન સત્તાવાર ગેરહાજરી માટેના મૂળ- અસલ ગુના માટે મેજિસ્ટ્રેટ કોર્ટ કે અદાલતમાં કાર્યવાહી શરૂ કરવાની આવશ્યકતા રહે છે. જો સાબિત થાય તો, આ £2,500 સૂધીના દંડમાં અને / અથવા પેરેન્ટિંગ ઓર્ડર્સ (Parenting Orders), કમ્યૂનિટિ સેન્ટેન્સ કે સજા અને જેલ જેવા હારમાળાના નિર્ણય – નિકાલમાં પરિણામી શકે. જો કોઈ માબાપને નિયમિત હાજરી પ્રાપ્ત કરવામાં નિષ્ફળ જવાના ઉગ્ર ગુના માટે તેમને ગુનેગાર ઠરાવવામાં આવે તો, તેવા માબાપને ફોજદારી (ક્રિમિનલ) રેકર્ડ મળી શકે.

## જો હું પેનલ્ટિ નોટિસના નાણા ચૂકવુ, પણ મારુ બાળક હજી પણ તેની સ્કૂલે જવાનું ચૂકી જતુ હોય તો શું મારી કાનૂની કાર્યવાહી થઈ શકે?

પેનલ્ટિ નોટિસમાંના સમાવેશ થતા સમય- ગાળા માટે નહિ કારણકે નાણાકીય ચૂકવણી કરવાથી તમને આ બાબતની તમારી જવાબદારીમાંથી મુકત કરવામાં આવે છે. આમ છતાં પણ, એવી કોઈ હકીકત - બીના કે વસ્તુ – સ્થિતિ બની શકે કે આવી પેનલ્ટિ નોટિસમાં નહિ આવરી લેવામાં આવેલ બિન સત્તાવાર ગેરહાજરીના સમય- ગાળા માટે કાનૂની કાર્યવાહીની વધારે વિચારણા કરવામાં આવી શકે, કે જેનો આધાર પરિસ્થિતિ ઉપર રહે છે. જો આ મુદ્દો કે વિષય હોય તો, તે અગત્યનું રહે છે કે તમે અર્લિ ઈન્ટરવેનશન સર્વિસ (Early Intervention Service (EIS) જેવી સપોર્ટ એજન્સિઓ અને તમારા બાળકની સ્કૂલ સાથે ગાઢપૂર્વક કાર્ય કરો.

Harrow COUNCIL LONDON